## જાહેર નિવિદા

## હોસ્ટેલ સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

ટેકનિકલ શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી ઇજનેરી કોલેજ, રાજકોટ ખાતેની ગર્લ્સ તેમજ બોઇઝ હોસ્ટેલ ની સફાઇ કામ, બગીચાની જાળવણી "હોસ્ટેલ સુવિધા વ્યવસ્થાપન સેવા" પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી. થી "પૂર્વ લાયકાત" અને "ભાવપત્રક" ના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા.૨૪/૦૯/૨૦૧૮ થી ૧૫/૧૦/૨૦૧૮ સુધીમાં રજાના દિવસો સિવાય સરકારી ઇજનેરી કોલેજ, મવડી - કણકોટ રોડ, રાજકોટ કચેરી ખાતેથી અરજી સાથે આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, રાજકોટ ના નામનો રૂ.૧૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ઇચ્છા ધરાવતી એજન્સીઓ ટેન્ડર ફોર્મ મેળવવા આવે ત્યારે કચેરીની મુલાકાત લઇ કામનો પ્રકાર, કચેરીનો વિસ્તાર વગેરેથી સુમાહિતગાર થઇ શકશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ અલગ ભરેલા ટેન્ડર ફોર્મ બે અલગ અલગ સિલબંધ કવરમાં કવર ઉપર "ટેન્ડર ફોર્મ-પૂર્વ લાયકાત" તથા "ટેન્ડર ફોર્મ-ભાવપત્રક" એમ લખીને તા.૧૫/૧૦/૨૦૧૮ ના રોજ સાંજે ૫-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મીકલવાંના રહેશે. બન્ને બાબતો એક જ કવરમાં હશે તેવા ટેન્ડર રદ કરવા પાત્ર થશે. પૂર્વ લાયકાતનાં કવર તા.૧૬/૧૦/૨૦૧૮ નાં રોજ ખોલવામાં આવશે અને ત્યારબાદ લાયકાત ધરાવતી એજન્સી નાં ભાવપત્રકનાં કવર તા.૧૯/૧૦/૨૦૧૮ નાં રોજ સાંજે ૦૪:૦૦ કલાકે સરકારી ઇજનેરી કોલેજ, મવડી-કણકોટ રોડ, રાજકોટ ખાતે ખોલવામાં આવશે.

સ્થળ: રાજકોટ તા. ૧૩/૦૯/૨૦૧૮ — આચાર્ય , સરકારી ઇજનેરી કોલેજ
રાજકોટ

માહીતી/રાજ/899/18